
## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ



આ વખતની ચૂંટણીમાં મને બીલકુલ રસ નથી... ચવાણુ ગોટા માફક નથી આવતા અને બીજુ તો હું લેતો નથી...!!

# ઉવારસદ ડેન્ટલ કોલેજથી અડાલજ જતા માર્ગ પર ડમ્પરે એકટીવાને અડફેટે લેતા એક યુવકનું મૃત્યુ





ગાંધીનગર, તા.૨૦

ઉવારસદ ડેન્ટલ કોલેજ થી અડાલજ તરફ જતા માર્ગ પર રેલ્વે ફાટક પાસે ડમ્પર-એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. એકટીવા પર સવાર બે મિત્રો પૈકી એક યુવકનું ઘટના સ્થળે જ મૃત્યુ થયુ હતું. ડમ્પર નીચે એકટીવા ફસાઈ જતા ૨૦૦ મીટર સુધી એકટીવા ઘસડાયુ હતું. જયારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જયારે ડમ્પરમાં આગ ભભુકતા ગાંધીનગરના સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી ટીમના સભ્યો લઈ ઘટના સ્થળ પર પહોંચી ગયા હતા. ત્યારબાદ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.

મળતી વિગત મુજબ ગાંધીનગરના ઉવારસદ ગામના ખાંટવાસ ખાતે રહેતા મિત્રો વિક્રમ ઉદાજી ઠાકોર અને દશરથજી મહોતજી ઠાકોર ઢળતી સાંજે એકટીવા પર ઉવારસદ ડેન્ટલ કોલેજ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે ડેન્ટલ કોલેજ થી રેલ્વે ફાટક રોડ પર રેતી ભરેલા ડમ્પરના ચાલકે પોતાની ટ્રક પુરપાટ ઝડપે ગફલતભરી રીતે હંકારી એકટીવાના અડફેટે લીધુ હતું. જેને પગલે એકટીવા ડમ્પર નીચે ફસાઈ ગયું હતું. તેમ છતા ટ્રકના ચાલકે પોતાની ટ્રક આગળ જઈ ઉભી રાખી હતી. બનાવમાં એકટીવા પર સવાર વિક્રમ ઠાકોરને શરીરે ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતું. જયારે દશરથને શરીરે ઈજા પહોંચતા તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયારે બનાવની જાણ થતા અડાલજ પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી.

જયારે ડમ્પર અને એકટીવા અકસ્માતની જગ્યા પર જ પડ્યા હતા. ત્યારે અડધો કલાક બાદ અચાનક ટ્રકમાં આગ ભભુકી ઉઠી હતી. ગણતરીની મિનીટોમાં આગે વિકરાળ સ્વરૂપ લેતા ટ્રક બળીને ખાક થઈ ગઈ હતી. માર્ગ પર પડેલા વાહનમાં આગ લાગતા ટ્રકનો આગળનો ભાગ આગની જવાળામાં સ્વાહા થઈ ગયો છે. આગને પગલે થોડીવાર માટે વાહન વ્યવહાર પણ થંભી ગયો હતો. જયારે બનાવની જાણ થતા ગાંધીનગરના સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી પોતાના સાથી કર્મચારીઓ સાથે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ગાંધીનગર શહેર આસપાસના વિસ્તારમાંથી પસાર થતા માર્ગો પર ડમ્પર ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારી અકસ્માત નોંતરે છે. ત્યારે ટ્રાફિક નિયમોની ઐસી તૈસી કરી રોકેટગતિએ હંકારતા ડમ્પર ચાલકો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. ત્યારે ડેન્ટલ કોલેજ પાસે એકટીવા ટ્રકના અકસ્માતમાં ૩૦ વર્ષના યુવકનું મૃત્યુ નિપજયું છે. જયારે આગને ફાયર વિભાગ દ્વારા કાબુમાં કરી લેવામાં આવતા સ્થાનિક વ્યકિતઓએ રાહતનો શ્વાસ લીધો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લામાં વાતાવરણમાં પલ્ટો આવતાં જ લોકોએ રાહત અનુભવી છે. આજે દિવસ દરમ્યાન વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં ઈજાગ્રસ્ત પશુઓની સારવાર બાદ કરૂણા એમ્બ્યુલન્સના કર્મયોગીઓ સફાઈની કોઈ વ્યવસ્થા ન હોવાથી બધોજ મેડીકલ વેસ્ટ સહિતનો કચરો જે તે વિસ્તારમાં છોડી જતા હોવાથી લોકોમાં રોષની લાગણી જન્મી છે.

● ગાંધીનગર શહેરમાં સીટીબસ કે એસ.ટી. બસ નિયત કરેલા સ્ટેન્ડો પર નહિ ઉભી રહેતી હોવાથી મુસાફરો પરેશાન બન્યા છે.

● ગાંધીનગર શહેરમાં રાજકીય આગેવાનો દ્વારા ગૃપ બેઠકો વિવિધ સેક્ટરોમાં કરી રહ્યા હોવાથી ધીમીગતિએ રાજકીય રંગ નગર પકડી રહ્યુ છે.

● ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીની કામગીરી અંગે સ્ટાફનું આજે રેન્ડમાઈઝેશન કરવામાં આવ્યુ છે.

● ગાંધીનગર જિલ્લામાં સી.વીજીસ એપ પર ગાંધીનગર (ઉ)ની ૩ અને એક ફરિયાદ માણસા વિધાનસભા મતવિસ્તારની મળી હતી.

● જલિયાણા સેવા ગૃપ દ્વારા સે. ૨૭ની પ્રા. શાળાના બાળકોને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

● ઈન્ફોસીટી શાળાના વિદ્યાર્થીઓએ ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી.

● શેરથા ખાતે આવેલ કે.બી. રાવલ ફાર્મસી કોલેજ દ્વારા ઈન્ટર કોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયુ હતુ.

● દહેગામના કોંગી અગ્રણી કમલ અમીનને પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

● ગાંધીનગર જિલ્લામાં પ્રચાર માટે રિક્ષાઓ અને અન્ય વાહનોનો વધારે ઉપયોગ થઈ રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં જાહેરમાં કચરો બાળવાની ઘટનાઓ સતત વધી રહી છે.

## ઈસનપુર મોટાના પનોતા પુત્ર જીતુભાઈ(ભગત) માદરે વતનમાં નારણપુરા મતક્ષેત્રના ઉમેદવારનું ઉસ્માભર્યુ સ્વાગત



ચિલોડા, તા. ૨૦

ઈસનપુર મોટા ગામના પનોતા પુત્ર તેમજ નારણપુરા વિધાનસભા મતક્ષેત્રના ભાજપના ઉમેદવાર જીતુભાઈ (ભગત) પટેલ પોતાના માદરે વતન શ્રી મહાકાલી માતાજીના દર્શનાર્થે આવ્યા ત્યારે ગ્રામજનો તેમજ આગેવાનો દ્વારા તેમનું ઉમળકાભેર સ્વાગત-સન્માન કરવામાં આવ્યું તેમજ સામાન્ય વિધાનસભા ચૂંટણીમાં 'વિજયભવ'ના આશીર્વાદ તેમજ શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# ભાટ-કોટેશ્વર માર્ગ પર બાઈક ડીવાઈડર કુદીને ગાડી સાથે ટકરાતા બેના મોત

## એક યુવક ગંભીર હાલતમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના ભાટ-કોટેશ્વર માર્ગ પર ગતરોજ બાઈક ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક ડીવાઈડર કુદીને સામેના માર્ગ પર પસાર થઈ રહેલી ગાડી સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે યુવકના કરૂણ મૃત્યુ નિપજયા છે. જયારે એક યુવકને ગંભીર ઈજા પહોંચતા સારવાર હેઠળ છે. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચાંદખેડા ખાતે રહેતા તેજસ જીતેન્દ્રભાઈ શ્રીમાળી છેલ્લા ચાર મહિનાથી રાણીપમાં રહેતા દિનેશચંદ્ર મન્નાલાલ મુન્દ્રાની ગાડી પર ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. જયારે શેઠ દિનેશચંદ્રની દહેગામના સાંપા ગામ પાસે દેવકીનંદન મેટલ્સ પ્રા.લી. નામની કંપની આવેલી છે.ગતરોજ સવારના દશ વાગ્યાના અરસામાં તેજસ શેઠને લઈ દહેગામ કંપની પર જવા માટે નીકળ્યો હતો. તે સમયે મોટેરા સ્ટેડીયમ પસાર કરી દહેગામ જતા સમયે ભાટ-કોટેશ્વર ચાર રસ્તા તરફ જતા રોડ પર રઘુવંશી ફાર્મની સામે થી વળાંક વાળા માર્ગ પર ત્રણ સવારી બાઈક ચાલકે તેની બાઈક પુરપાટ ઝડપે હંકારી ડીવાઈડર કુદાવી સામેથી આવતી ગાડી સાથે ટકરાઈ હતી.જેથી ત્રણય યુવકો માર્ગ પર પટકાયા હતા. ત્રણેય ને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ બનાવમાં સુરેશ ભીમાભાઈ પરમાર અને ગણેશ મોતીભાઈ રાઠોડનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતું.જયારે ગોપાલ રામજીભાઈ ચૌધરી હાલ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે સુરેશ, ગણેશ અને ગોપાલ ત્રણેય મિત્રો બાઈક લઈને જઈ રહ્યા હતા.તે સમયે સુરેશ બાઈક ફુલ સ્પીડે હંકારતા બાઈક પરનો કાબુ ગુમાવી બેસતા બાઈક ડીવાઈડર કુદીને સામેથી આવી રહેલી કાર સાથે ટકરાતા ત્રણેય યુવકો નીચે પટકાયા હતા.




ચૂંટણી પહેલા વિવિધ સમાજોની બેઠકો યોજાઈ રહી છે. સેકટર-૨૮ ખાતે પ્રજાપતિ સમાજની બેઠકમાં એકતાના દર્શન થયા હતા. સમાજના સભ્યોએ પોતાના પ્રશ્નોની રજૂઆત કરી હતી અને આ રજૂઆતોના હકારાત્મક ઉકેલ માટે નવી સરકારમાં રજૂઆત કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# શહેરના શૈક્ષણિક કેમ્પ્સમાં એબીવીપીનું મતદાતા જાગૃતિ અભિયાન




ગાંધીનગર, તા.૨૦

લોકશાહીનું મહાપર્વ એટલે ચુંટણી જયાં મતદાતા પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને નવી સરકારની પસંદગી કરે છે. મતાધિકાર એટલે વિવિધ રાજકીય પક્ષો અને ઉમેદવારો પૈકી જે સૌથી યોગ્ય લાગે તેને પસંદ કરીને તેને પોતાના વિસ્તારનું પ્રતિનિધિત્વ સોંપી તેના થકી એક સક્ષમ અને કાર્યક્ષમ સરકારની રચના કરવી જે નાગરિકોની સુવિધાઓ અને સુખાકારી માટે કાર્યરત રહેવા સાથે તેમની મુશ્કેલીઓ અને તકલીફોને સમજીને તેનું સચોટ અને યોગ્ય નિરાકરણ લાવવા સાથે કોઈપણ ભેદભાવ વિના સમગ્ર રાજયની પ્રગતિ અને સુચારુ સર્વાંગી સંચાલન માટે જવાબદારીપૂર્વક કાર્યરત રહે. જોકે આ બાબતે અજાણ અથવા રાજકારણીઓનું સત્તાલાલસા માટે લોલુપતાવશ જે રીતે સ્તર નિમ્ન થતું જઈ રહ્યું છે તેને કારણે નિરાશ નાગરિક મતદાન પ્રત્યે ઉપેક્ષિત બની રહ્યાં છે જેને કારણે તેઓ મતદાનથી અળગા રહે છે. પ્રત્યેક નાગરિક પોતાનો મત આપે તે તંદુરસ્ત લોકશાહી માટે ખૂબ જરૂરી છે અને હવે તો સમગ્ર દેશમાં યુવા મતદાતાઓની સંખ્યા વધુ છે તેને અનુલક્ષીને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા મતદાતા જાગૃતિ અભિયાન છેડવામાં આવ્યું છે. એબીવીપી દ્વારા છેડવામાં આવેલાં મતદાતા જાગૃતિ અભિયાન અંતર્ગત ગાંધીનગર શહેરમાં વધુને વધુ યુવાનોને આ વખતની ગુજરાત વિધાનસભાની ચુંટણીઓમાં વધુમાં વધુ મતદાન કરવા વિદ્યાર્થીઓને જાગૃત કરવાના હેતુથી મતદાતા જાગૃતિ રથ ચલાવવામાં આવ્યો છે જે શહેરની વિવિધ કોલેજો, યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંકુલોમાં જઈને યુવા વિદ્યાર્થીઓને લોકશાહીમાં મતદાનનુ મહત્વ સમજાવે છે. આ મતદાતા જાગૃતિ રથ શહેરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, કડી સર્વવિદ્યાલય એલડીઆરપી કેમ્પસ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વગેરે શૈક્ષણિક કેમ્પસમાં ગયો હતો જ્યાં તેનું એબીવીપીના કાર્યકરો દ્વારા ઢોલ નગારાં સાથે સુત્રોચ્ચાર અને પુષ્પવર્ષાથી સ્વાગત કરાયું હતું. આ સાથે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત જાહેર સભા, સિગ્નેચર કેમ્પેઈન વગેરે જેવાં આયોજનો કરવામાં આવ્યાં હતાં.

## શહેરમાં પાર્શ્વગાયક મોહમંદ રફીની ૯૮મી જન્મજયંતિ ઉજવાશે

ગાંધીનગર તા.૨૦

ભારતના હિન્દી ફિલ્મોના મહાન પાશ્વગાયક સ્વશ્રી. મો. રફી સાહેબની ૯૮મી જન્મજયંતિ નિમીત્તે તેમને સ્વરાંજલી આપવા માટે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો આયોજીત "મેરી આવાઝ સુનો" ? કરાઓકે ક્લબ દ્વારા ગાંધીનગર-અમદાવાદ શહેરનાં તેમજ આજુ-બાજુનાં વિસ્તારનાં અનુભવી-બિન-અનુભવી કલાકારોને કરાઓકે-ટ્રેકશો દ્વારા પોતાના આવાઝમાં ગીતોની રજુઆત કરવા માટે એક સારૂ સ્ટેજ-પ્લેટફોર્મ પુરૂ પાડવાનાં હેતુથી કરાઓકે સંગીત સ્પર્ધા-૨૦૨૨ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિજેતા સભ્યોને પ્રોત્સહન રૂપે ટ્રોફી આપવામાં આવશે.

આ સ્પર્ધા માટેનું ઓડીશન તા. ૪થી ડિસેમ્બર રવિવારના રોજ બપોરે ૧૨.૩૯ કલાકે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો, ૧૨૪-સનરાઈઝ આર્કેડ, મારુતિ-નેક્શા શો-રૂમ ની બાજુમાં, કુડાસણ, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેવાં માટેનાં પ્રવેશ-ફોર્મ તા.૩૦મી નવેમ્બર સુધીમાં રોજ બપોરે ૧૨.૩૯થી સાંજના ૭ કલાક દરમ્યાન સ્ટુડિયો ખાતે રૂબરૂ આવીને અથવા ઓનલાઈન પણ ભરી શકાશે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે. આ સાથે સ્પર્ધા અંગે વધુ માહિતી માટે મોબાઈલ નં. ૮૮-૪૯૪-૫૪૪૦૫ તેમજ ૯૪-૨૭૩-૧૮૦૭૩ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં યુવા શક્તિનું મહત્વપૂર્ણ યોગદાન - રાજ્યપાલશ્રી

### આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે દિલ્હીથી શરૂ થયેલી "ફ્રીડમ મોટો રાઈડ" બાઈક રેલીને રાજભવન ગાંધીનગર ખાતેથી પ્રસ્થાન કરાવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત્તે ઓલ ઈન્ડિયા મોટર બાઈક એક્સપીડિશન-૨૦૨૨ દ્વારા યોજાયેલી "ફ્રીડમ મોટો રાઈડ" બાઈક રેલીને રાજભવન, ગાંધીનગર ખાતેથી લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવતા જણાવ્યું હતું કે રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં યુવાશક્તિનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. રાજ્યપાલશ્રીએ આ બાઈક રેલીને દેશને જોડવાના પુરુષાર્થ સમાન ગણાવી જણાવ્યું હતું કે ભારત દેશ અતીતના ગૌરવને હૃદયમાં સ્થાપિત કરીને વૈશ્વિક સિદ્ધિના નુતન શિખર હાંસલ કરી રહ્યો છે. આજે ભારતનું સમગ્ર વિશ્વમાં ગૌરવ સ્થાપિત થયું છે જેમાં દેશની યુવાશક્તિનું યોગદાન અગ્રેસર છે. રાજ્યપાલશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવને શહીદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો ઉત્સવ ગણાવ્યો હતો. રાજ્ય પાલશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવની આ પ્રેરણા તેમજ ભારતના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વૈભવને અને ફીટ ઈન્ડિયા મૂવમેન્ટને જન જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે ફ્રીડમ મોટો રાઈડ બાઈક રેલી દ્વારા ભારત ભ્રમણ માટે નીકળેલા સૌ સાહસવીરોને આ પ્રસંગે લક્ષ્ય સિદ્ધિ માટે શુભકામનાઓ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે ભારત સરકારના રમતગમત અને યુવા બાબતોના મંત્રાલયના સહયોગથી અને ઓલ ઈન્ડિયા મોટર બાઈક એક્સપીડીશન - ૨૦૨૨ દ્વારા યોજાયેલી આ "ફ્રીડમ મોટો રાઈડ" બાઈક રેલીમાં જોડાયેલા ૭૫ મોટરસાયકલ સવાર ભારત ભ્રમણ દરમિયાન ૭૫ દિવસમાં ૧૮,૦૦૦ હ્વ થી વધુ અંતર કાપીને ૩૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લઈ, દેશના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વૈભવ અને ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ પ્રત્યે લોકોને જાગૃત કરી રહ્યા છે.



ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામ ખાતે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યું હતું જેમાં ગામના નાગરીકોને ફ્રી ચેકઅપ કરાવવાનો લાભ મળ્યો હતો. આ કાર્યકમમાં ગામના સામાજિક કાર્યકર્તા ઠાકોર કેશાજી ઠાકોર, મુકેશજી ઠાકોર, શૈલેન્દ્રજી ઠાકોર, નારણજી વગેરએ ઉપસ્થિત રહી સેવાઓ આપી હતી અને ગામના નાગરિકોને કેમ્પનો લાભ અપાવ્યો હતો.

# છેલ્લો દિવસ : ઉમેદવારી ફોર્મ પરત ના ખેંચે તે માટે આપ ઉમેદવારોને ગાયબ કરાયાં..!!

### આજે ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ : સુરતના કિસ્સાથી સફાળા જાગેલી આપ પાર્ટીની સમયસૂચકતા

ગાંધીનગર, તા. ૨૦

આજની લોકશાહીમાં ચુંટણી માત્ર મતદારો સમક્ષ માત્ર પોતાના મુદ્દા કે એજન્ડાને મુકવાથી નથી જીતાતી બલ્કે સામ, દામ, દંડ અને ભેદ સાથે ઈલેકશન એન્જિનિયરિંગ કરવું પડે છે. આ ઈલેકશન એન્જિનિયરિંગમાં ક્યારેક વિરોધી ઉમેદવારને ચુંટણી લડતો અટકાવી પોતાની જીત નિશ્ચિત કરવા યેનકેન પ્રયાસો પણ કરવામાં આવતાં હોય છે. તાજેતરમાં આમ આદમી પાર્ટીના સુરતના એક ઉમેદવાર પહેલાં ગુમ થયાં અને પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચ્યું જેના કારણે રાજયમાં આપ પાર્ટી સતર્ક થઈ ગઈ છે. હવે વિધાનસભા ચુંટણીઓમાં મતદાન પુરુ થાય નહીં ત્યાં સુધી કોઈ ચાન્સ લેવા માંગતી નથી. સોવારે તા.૨૧મી નવેમ્બરના રોજ ઉમેદવારી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે જેને અનુલક્ષીને ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી દ્વારા તેના ઉમેદવારોને સહીસલામત સ્થળે ખસેડવામાં આવ્યાં હોય તેવું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર આમ આદમી પાર્ટી દ્વારા કોઈ ઉમેદવાર પોતાની ઉમેદવારી પરત ન ખેંચે તે માટે ઉમેદવારોને પક્ષના કાર્યાલય ખાતે બોલાવી વિવિધ સ્થળોએ ફરવા લઈ ગયા હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. મળતી માહિતિ અનુસાર આપ પાર્ટી દ્વારા તેના ગાંધીનગર જિલ્લાના ઉમેદવારોને સોમનાથ ખાતે લઈ જવામાં આવ્યાં છે અને તેમને ઉમેદવારી પરત ખેંચવાની મુદત પુરી થયે પાછા લાવીને પ્રચારમાં જોતરી દેવાશે.



શ્રી જલીયાણા સેવા ગૃપ, ગાંધીનગર દ્વારા સેક્ટર-૨૭ પ્રાથમિક શાળાના બાળકોને નાસ્તો, બિસ્કીટ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. બાળકો ખુશખુશાલ બની ગયા હતા.



ગાંધીનગરમાં વિધાનસભાની ચુંટણીનો માહોલ જામી ગયો છે અને વિવિધ રાજકીય પક્ષો દ્વારા તેમના ચુંટણી કાર્યાલયો શરૂ કરી દેવાયાં છે. ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ડો. હિમાંશુભાઈ પટેલ દ્વારા શહેરના કુડાસણ વિસ્તારમાં નાગરાજ પાર્ટી પ્લોટ ખાતે તેમનું ચુંટણી કાર્યાલય શરૂ કરવામાં આવ્યું છે.